શ્રી જલારામ મંદિર – શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ


ફોન: ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨

ફેક્સ: ૮૪૭-૪૫૦-૧૭૧૮

http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ – ૬૦૧૬૯



ઓકટોબર ૨૦૧૭ ☼ વર્ષ – ૯ ☼ અંક – ૩૨


## આગામી ઉત્સવો

| | |
|---|---|
| **-: ધન તેરસ / ધન પૂજા :-** | **-: Dhan Teras / Laxmi Puja :-** |
| મંગળવાર, ઓક્ટોબર ૧૭ – સાંજે ૭:૪૫ કલાકે | Tuesday, October 17 - 7:45 PM |
| **-: કાળી ચૌદસ / સુંદરકાંડ પાઠ :-** | **-: Kali Chaudas / Sundarkand Path :-** |
| બુધવાર, ઓક્ટોબર ૧૮ – સાંજે ૮:૦૦ કલાકે | Wednesday, October 18 - 8:00 PM |
| **-: દિપાવલી / શારદા (ચોપડા) પૂજન :-** | **-: Deepawali / Sharda (Chopada) Pujan :-** |
| ગુરૂવાર, ઓક્ટોબર ૧૯ – સાંજે ૬:૧૦ કલાકે | Thursday, October 19 - 6:10 PM |
| **આતશબાજી (ફાયરવર્કસ)** | **Fireworks** |
| ગુરૂવાર, ઓક્ટોબર ૧૯ – રાત્રે ૮:૦૦ કલાકે | Thursday, October 19 - 8:00 PM |
| **-: નૂતન વર્ષ :-** | **-: New Year :-** |
| **નોંધ-મંદિર આખો દિવસ ખુલ્લુ રહેશે** | **Note: Mandir will be open all day** |
| **મંગળા આરતી** | **Mangla Aarti** |
| શુક્રવાર, ઓક્ટોબર ૨૦ – સવારે ૬ કલાકે | Friday, October 20 - 6 AM |
| **મહાપૂજા – અન્નકૂટ દર્શન** | **Mahapuja - Annakut Darshan** |
| શુક્રવાર, ઓક્ટોબર, ૨૦ – સવારે ૧૧ – બપોરે ૧૨:૩૦ કલાકે | Friday, October 20 - 11 AM - 12:30 PM |
| **-: શ્રી જલારામ જયંતિ :-** | **-: Shree Jalaram Jayanti :-** |
| **બાળકો તથા કિશોરોનો સાંસ્કૃતિક કાર્યક્રમ** | **Kids and Youth Culture Program** |
| શુક્રવાર, ઓક્ટોબર, ૨૭ – સાંજે ૫:૪૫ – ૬:૪૫ કલાકે | Friday, October 27 - 5:45 - 6:45 PM |
| **ડાયરો – લોકગીત (દમયંતીબેન બરડાઇ અને સાથી કલાકારો)** | **Dayro - Lokgeet (Damyantiben Bardai and Group)** |
| શુક્રવાર, ઓક્ટોબર, ૨૭ – રાત્રે ૮:૩૦ કલાકે | Friday, October 27 - 8:30 PM |
| **કળશ પૂજા – ધજા પૂજા – મહા પૂજા – અન્નકૂટ દર્શન** | **Kalash Puja-Dhaja Puja-Mahapuja-Annakut Darshan** |
| શનિવાર, ઓક્ટોબર, ૨૮ – સવારે ૯:૩૦ – બપોરે ૧૨:૩૦ કલાકે | Saturday, October 28 - 9:30 AM - 12:30 PM |
| **-: તુલસી વિવાહ :-** | **-: Tulsi Vivah :-** |
| શનિવાર, નવેમ્બર ૪ – સાંજે ૪ કલાકે | Saturday, November 4 - 4:00 PM |
| **દરેક ઉત્સવો બાદ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે** | **Prasad will be served after each event** |

**આપ ઉપર જણાવેલ કોઈપણ ઉત્સવોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને દિપકનો ૮૪૭-૩૨૨-૪૬૩૪ અથવા રાજેશનો ૨૨૪-૬૨૨-૯૭૧૭ પર સંપર્ક કરવા વિનંતી છે.**

*If you would like to sponsor any of the events, please contact Dipak @ 847-322-4634 or Rajesh @ 224-622-9717*

# *President's Corner*

*Bakul Thakkar*

*Respected Shree Jalaram devotees:*

*Jalaram Mandir is actively involved in scheduling variuos spritual and religious program for our devotees. Follwing Murti Pratistha and first Patostav, we all have enjoyed practical essence of Bhagavad Gita by* **Anandmurti Gurumaa**. *Gurumaa is a highly accmplished spritualist who has mastered all vedic sciences. We were very fortunate to have her come to our mandir.*

*For our devotees, Flu shots (vaccine) were offered at no cost. About 102 people took advantage of the flu vaccine. It will provide protection against Influenza. Due to additional request from devotees, mandir will offer this service one more time. Date and time will be announced soon.*

*Volunteers and committee members are working very hard in preparation of Diwali and Jalaram Jayanti programs coming up in October. Youth committee is also preparing our youths for cultural program during this time. Details are to follow.*

*As always please continue to support the mandir and its activities. On behalf of volunteers and commiitee members I want to wish you and your family happy Diwali and a prosporous New Year.*

*Jay Jalaram*

## સંસ્થા સમાચાર

**સંકલનઃ રજનીકાંત મોદી**

સૌ જલારામ ભકતોને શ્રી જલારામ મંદિર તરફથી જય શ્રી જલારામ.
આપણા શ્રી જલારામ મંદિરમાં છેલ્લા ત્રાણ મહિનામાં ઉજવવામાં આવેલ પ્રસંગોની વિગત.

જુલાઇ ૨, રવિવારે શ્રી જલારામ મંદિરના પ્રથમ પાટોત્સવ નિમિત્તે ‘‘રામયજ્ઞ’’નું આયોજન થયુ. જેમાં મૂખ્ય આચાર્યશ્રી સાથે મંદિરના બન્ને પૂજારીઓએ મંત્રોચ્ચાર કરાવી પૂજન બાદ બધા સ્થાપિત દેવોની આહૂતીઓ ૨૦ યજમાનો દ્વારા આપવામાં આવી.

જુલાઇ ૬, ગુરૂવારે પ્રથમ પાટોત્સવ તથા સૂર્યનારાયણદેવ અને નવગ્રહ દેવોની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તેની પૂજામાં મૂખ્ય આચાર્યશ્રી તથા ૯ ભૂદેવોએ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ અને નૂતન મૂર્તિઓના કુટીર હવનમાં ‘ૐ જયરામ શ્રી રામ જય જય રામ, રાઁ રામાય નમઃ’ની ૨૦૦૦ આહૂતિઓ મૂખ્ય યજમાનો તથા સૌ ભૂદેવો દ્વારા આપવામાં આવી જેમાં અનેક ભકતો પણ આહૂતિમાં મદદરૂપ થયા.

જુલાઇ ૭, શુક્રવારે સવારે ૯ થી ૧૨ સુધી પ્રાણ પ્રતિષ્ઠા અને વાર્ષિક પાટોત્સવની પૂજા શરૂ થતાં, મંગલાચરણ, ગણેશ પૂજન અને કુળ દેવતાની પૂજા કરવામાં આવી. ત્યારબાદ મંત્રોચ્ચાર સાથે વિધિવત મંડપ પ્રવેશ કરવામાં આવ્યો. ત્યાર પછી બપોરના સમયમાં મંડપ વાસ્તુ, નવગ્રહ હવન કર્યા બાદ જલયાત્રા અને શોભાયાત્રા કાઢવામાં આવી. જેમાં સૌ દેવોને સુંદર રીતે શણગારેલા રથમાં પૂજા કરી, જય જયકાર કરી રથયાત્રાનું

આયોજન થયુ. પ્રથમ મૂખ્ય યજમાનોએ રથને આગળ વધારવાનો લાભ લીધો, ત્યારબાદ સૌ ભકતો રથયાત્રાને આગળ અને આગળ ધપાવતા રહ્યા. આ યાત્રામાં બાપાના ભજનો સાથે ઢોલ, મંજીરા અને શંખનાદ પણ સાંભળ્યા. જલયાત્રા દરમ્યાન ૧૦૮ જેટલી બહેનોએ શિર ઉપર કળશ સાથે શ્રીફળ ધારણ કર્યા હતા. યજ્ઞમાં 'ૐ ઐં રીમ શ્રી ચામુંડાયૈ વિચ્ચૈ સ્વાહાઃ' તથા 'ૐ જયરામ શ્રી રામ જય જય રામ, રાઁ રામાય નમઃ'ની ૫૦૦૦ આહૂતિઓ ભૂદેવો દ્વારા આપવામાં આવી જેમાં અનેક ભકતો પણ આહૂતિમાં મદદરૂપ થયા. ત્યારબાદ બાપાની શતબાવની, થાળ અને આરતી કરી સૌ ભકતો પ્રસાદ લઇ સ્વગૃહે પધાર્યા.

જુલાઇ ૮, શનિવારે ૯ થી ૧ દરમ્યાન મૂખ્ય યજમાન સાથે શિખરના કળશ પૂજાના ૮ યજમાનોએ સ્થાપિત દેવોનું પૂજન, કળશ સ્થાપન અભિષેક કુલ ૧૩૦ કળશ જેમાં દરેક કળશમાં જુદા જુદા વ્યંજનો મૂકવામાં આવ્યા હતા. શિખરનો અભિષેક ૮૧ કળશથી મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો. ત્યારબાદ યજ્ઞમાં ભૂદેવો સાથે યજમાનોએ અને સાથે હાજર રહેલા સૌ ભકતોએ પણ ૪૦૦૦ આહૂતિઓ આપવામાં લાભ લીધો. યજ્ઞનારાયણની પૂર્ણાહૂતિ બાદ શતબાવની, થાળ તથા આરતી કર્યા બાદ સૌ ભકતો મહાપ્રસાદ લઇ સ્વસ્થાને પધાર્યા.

ઓગષ્ટ ૯ને બુધવાર થી ૧૩મીને રવિવાર સુધી પૂ. આનંદમૂર્તિ ગુરૂમાએ ગીતાજીના બીજા અધ્યાય ઉપર ખૂબ જ ઝીણવટ પૂર્વક સમજાવવા માટે પ્રવચન કર્યુ. જેનો મૂખ્ય સાર શ્રી કૃષ્ણજીને માનવા કરતા જાણવાની ખૂબ જ જરૂરત છે. જેમાં કર્મ કરવા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો. કથાના બે મૂખ્ય યજમાનોએ સેવાનો અનેરો લાભ લીધો જયારે પોથી યજમાનોએ દરરોજ પોથી પૂજાનો તથા આરતીનો લાભ લીધો. ઘણા બધા ભકતજનોએ અધ્યયન સાંભળવાનો અનન્ય લાભ લીધો. દરરોજ અધ્યયન પહેલા કીચન કમીટીએ પ્રસાદની વયવસ્થા કરી હતી. સાથોસાથ ઘણી બધી વિવિધ કમિટિઓ દ્વારા બીજી વ્યવસ્થાની કાળજી લેવામાં આવી હતી.

ઓગષ્ટ ૧૫મીને મંગળવારે સવારે મંદિરમાં ભારતીય સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યુ. સાથો સાથ દિગવંત સૈનિકોને શ્રધ્ધાંજલી આપી તેમના બલીદાનને બિરદાવ્યા હતા.

આ દિવસે સાંજના પૂ. શ્રી કૃપાલુ મહારાજના શિષ્યા પૂ. શ્રી ગોપેશ્વરી દીદીએ કૃષ્ણ જન્મ ઉપર સત્સંગનો લાભ આપ્યો. રાત્રે બાર વાગતા શ્રી કૃષ્ણ જન્મની પૂજા કરવામાં આવી અને 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદથી વધામણા કરવામાં આવ્યા.

ઓગષ્ટ ૨૧મીને સોમવારે સૂર્યગ્રહણ હોવાથી મંદિરના દ્વાર સવારના ૧૧થી બપોરના ૪ વાગ્યા સુધી બંધ રહ્યા હતા. ત્યારબાદ મંદિરમાં ગંગાજળથી સાફ સફાઇ કરી સૌને દર્શનનો લાભ આપવામાં આવ્યો હતો.

ઓગષ્ટ ૨૫ ભાદરવા સુદ ૪ને શુક્રવારથી ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીની સ્થાપના અલગ મંડપમાં કરવામાં આવી અને તે દિવસથી દરરોજ સાંજના ગણેશજીના વિવિધ મંત્રોથી અને નામોથી પૂજન કરવામાં આવ્યુ. દરરોજ અનેક ભકતોએ પૂજાનો લાભ લીધો. પ્રથમ દિવસે ૧૦૦૮ મોદકથી અભિષેક કરવામાં આવ્યો. સપ્ટેમ્બર ૫ને મંગળવારે સાંજના પૂજન-આરતી બાદ ડેસપ્લેઇન નદીમાં ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યુ.

ઓગષ્ટ ૨૬થી સપ્ટેમ્બર ૧ સુધી પૂ. શ્રી કૃપાલુ મહારાજના અનુગામી પૂ. શ્રી મુકુન્દજીએ દરરોજ સાંજે ૬ થી ૭:૩૦ સુધી યોગાભ્યાસ કરાવ્યો હતો જેમાં સરેરાશ ૧૦૦ જેટલા ભાઇ-બહેનાએ લાભ લીધો હતો અને સાંજે ૭:૩૦ થી ૯ સુધી વિવિધ વિષય ઉપર પ્રવચન કરવામાં આવ્યુ જેમાં લગભગ ૨૦૦ જેટલા ભકતોએ લાભ લીધો.

સપ્ટેમ્બર ૧૪ને ગુરૂવારે મંદિરમાં ફ્રી ફ્લુ શોટ આપવાનું આયોજન થયું જેમાં ૯૦ જેટલા વ્યકિતઓએ લાભ લીધો હતો.

સપ્ટેમ્બર ૧૭ને રવિવારે સાંજના સર્વપિતૃ તર્પણની વિધિ કરવામાં આવી. જેમાં ૭ પરિજનોએ પિતૃતર્પણમાં પૂજાનો લાભ લીધો અને પોતાના પિતૃઓને તૃપ્ત કર્યા. મંદિરના બન્ને પૂજારીઓએ ઘણી જ સારી રીતે પૂજાવિધિ કરાવી.

સપ્ટેમ્બર ૨૧ ગુરૂવારે સવારમાં નવરાત્રિની શરૂઆત હોવાથી માતાજીનું અને જવારાનું સ્થાપન કરી પૂજન કરવામાં આવ્યુ અને નવરાત્રિ નિમિત્તે દરરોજ સાંજના સમયે મંદિરના ભોંયરામાં વિવિધ ગૃપ દ્વારા માતાજીના ગરબાનું આયોજન થયું. ખેલૈયાઓ અવનવા શણગાર સજીને માતાજીના ગરબા ખૂબ જ ઉત્સાહ પૂર્વક નાચગાન સાથે દાંડીયાની રમઝટમાં ઘૂમ્યા. દરરોજ સાંજના માતાજીની આરતી અને પ્રસાદ લઇ વિખરાયા.

સપ્ટેમ્બર ૨૮ને ગુરૂવારે માતાજીની આઠમ હોવાથી મંદિરના પટાંગણમાં મહાયજ્ઞનું આયોજન થયુ. મંદિરના બન્ને પૂજારીઓએ સાંજના ૭ વાગતાં સુધી ખૂબ જ સુંદર મંત્રોચ્ચાર કરીને માતાજીનું પૂજન કર્યા પછી યજ્ઞ કરાવ્યો. માતાજીના વિવિધ મંત્રોથી આહૂતિ આપવામાં આવી. જેમાં પણ મૂખ્ય યજમાન અને સહ યજમાનોએ માતાજીના પૂજનનો અને યજ્ઞનો અનેરો લાભ લીધો.

આમ મંદિર તરફથી વિવિધ સામાજીક અને ધાર્મિક સેવાઓ ચાલી રહી છે. પૂ. શ્રી જલારામબાપાના આશીર્વાદથી સૌ ભકતોના જીવનમાં સુખ શાંતિ રહે અને જીવન આરોગ્યદાયક રહે તેવી શુભેચ્છા સાથે સૌને જય જલારામ. સૌ ભકતોને નમ્ર વિનંતિ કે આ પ્રવૃતિઓની જાણ બીજા ભકતોને પણ આપતા રહેશો જેથી તેઓ પણ તેનો લાભ લઇ શકે.

આપ સૌ ભકતોએ આ બધા પ્રસંગોમાં જોડાઇને અનેરો લાભ લીધો એવી જ રીતે આગામી પ્રસંગોમાં જોડાવવા સૌને મંદિર તરફથી નમ્ર વિનંતી.

## ઓમ્ શબ્દનું મહત્વ

**સંકલનઃ રજનીકાંત મોદી**

‘‘નાદબ્રહ્મનો દિવ્ય ધ્વનિ ‘‘ઓમ્’’ શરીર અને મન પર પ્રબળ પ્રભાવ ઉત્પન્ન કરે છે.

પ્રાચીનકાળના ઋષિ-મુનીઓ અને તત્વચિંતકોને સ્વરવિજ્ઞાનનું ગહન જ્ઞાન હતુ. એમણે એક એક સ્વર વિશે ઉંડુ સંશોધન કર્યુ હતુ. આ સંશોધનમાં નાદબ્રહ્મનો અપૂર્વ મહિમા પ્રકટ થયો છે. આ નાદબ્રહ્મમાં મુખ્ય ‘ઓમ્’ શબ્દ આવે છે. ઓમ્કાર શકિત, સામર્થ્ય અને ઇશ્વરીય ગુણ સંપદા પ્રદાન કરનાર છે. માંડૂકય ઉપનીષદમાં કહેવાયુ છે ’ઓમિત્યેતદ્‌ક્ષરમં ઇદં સર્વ તસ્યો પાખ્યાનં ભૂતં ભવેદ્ ભવિષ્યદિતિ સર્વમોંકાર એવ ।।’ ઓમ્ એ અક્ષર છે, જેમાં સંપૂર્ણ ભૂત, વર્તમાન અને ભવિષ્ય સમાયેલુ છે. ત્રાણેય કાળ ઓમ્કારના નાના સરખા શબ્દસ્થાનમાં સમાહિત છે. બધી શકિતઓ, રિધ્ધિઓ અને સિધ્ધિઓ આ ઓમ્કાર ધ્વનિમાં સમાયેલી છે.

ઓમ્‌ની શકિત અપાર છે. એના ઉચ્ચારણથી મનુષ્યમાં શુધ્ધ અને સાત્વિક ભાવ ઉત્પન્ન થાય છે. વ્યાકરણની રીતે અ, ઉ અને મ્ એ ત્રાણ અક્ષરોના સંયોગથી ઓમ્ શબ્દ બને છે. તે અવ્યુત્પન્ન છે. ધ્વિતીય ‘એવ્’ ધાતુથી ઔણાદિક ‘મન્’ પ્રયત્નના વિધાનથી ‘ઓમ્’ બને છે. એવ્ ધાતુનો અર્થ છે - રક્ષણ, ગતિ, ક્રાંતિ, પ્રીતિ, તૃપ્તિ, અવગમ, પ્રવેશ, શ્રવણ, સામર્થ્ય, યાચન, ઇચ્છા, દીપ્તિ, વ્યાપ્તિ, આલિંગન, હિંસ્ત્રાતા, દાન અને વૃધ્ધિ. ઓમ્કારના ‘અ’ થી વિરાટ અગ્નિ અને વિશ્વનું જ્ઞાન, ‘ઉ’ થી હિરણ્ગર્ભ, વાયુ અને તેજસનો બોધ, ‘મ્’ થી ઇશ્વર, આદિત્ય અને પ્રાજ્ઞતત્વનું પરિજ્ઞાન થાય છે. તૈતરીય ઉપનિષદમાં ‘ઓમ્ ઇતિ બ્રહ્મ’ એમ કહેવાયુ છે. એજ રીતે ‘ઓમ્ ઇતિ સર્વમ્’ એમ પણ દર્શાવાયુ છે. એટલે કે ઓમ્ એજ પરમાત્મા રૂપી બ્રહ્મ છે અને ઓમ્ જ બધુ છે. અથવા ઓમ્માં જ બધું સમાયેલુ છે. આપણે પરમાત્માના આ વૈદિક નામ ‘ઓમ્’નું સ્મરણ કરવુ જોઇએ. એનો નિત્ય જાપ કરવો જોઇએ અને નાદયોગ દ્વારા આત્મ-અનુસંધાન કરવુ જોઇએ. સ્થૂળ, સુક્ષ્મ અને કારણ જગતમાં જે કંઇ પણ દ્રશ્ય, અદ્રશ્ય છે એનું સંચાલન ઓમ્કારની સ્ફૂરણાથી થઇ રહ્યું છે.

મહર્ષિ પતંજલિએ પણ યોગસૂત્ર (૧-૨૮) માં ‘તજજ પસ્તદર્થ ભવનમ’ કહીને ‘પ્રણવ’નો આજ અર્થ જણાવી એની ઉપાસના કરવાનું કહ્યું છે. આજ બીજ મંત્ર છે જેનો જાપ કરવાથી જપયોગ અને નાદયોગ બન્નેની સિધ્ધી આપે છે. તીવ્ર સંવેગ સાથે પ્રણવ જપ કરવામાં આવે તો અલૌકિક સિધ્ધિઓ મળે છે. લિંગ પુરાણ (૨-૯-૫૧) પણ દર્શાવે છે - ‘શમ્ભોઃ પ્રણવવાચ્યસ્ય ભાવના તજજપાદપિ । આશુ સિધ્ધિઃ પરા પ્રાબ્યા ભવત્યેવ ન સંશયઃ ।।’ શિવથી ઉદ્‌ભવેલા પ્રણવ (ઓમ્કાર)નો જપ અને એની ભાવનાથી નિઃસંદેહ પરા સિધ્ધિ જલ્દીથી પ્રાપ્ત થઇ જાય છે.

એકવાર અસુરોએ સ્વર્ગને ચારે તરફથી ઘેરી લીધું. દેવરાજ ઇન્દ્ર ચિંતિત અને ભયભીત થઇ વિચારવા લાગ્યા કે જો બહારથી કોઇ વધારે શકિતશાળી દૈવી સત્તાની મદદ નહી લઉ તો મારૂ સ્વર્ગ અસુરો પાસે જતુ રહેશે. આ અસુરોને હરાવવા અમારી શકિત ઓછી અને ઉતરતી જણાઇ રહી છે. એ વખતે એમને બ્રહ્મસ્વરૂપ પ્રચંડ શકિતશાળી ઓમ્કારનું સ્મરણ થયુ. તે ઓમ્કારના સાકાર રૂપ પાસે ગયા અને ખૂબ અનુનય-વિનયથી તેમને વિનંતી કરવા લાગ્યા. હે શકિતરૂપ સર્વેશ્વર, અમે આપને પ્રમુખ સેનાપતિ બનાવીને અસુરો સામે યુદ્ધ કરવા માંગીએ

છીએ. તમારી આગેવાની અમારામાં અનુપમ શકિત અને નવસ્ફૂર્તિનો સંચાર કરશે. આપ ઇશ્વરની અમોઘ શકિત ધારણ કરનારા છો, એટલે અસુરો હારશે એ નિશ્ચિત છે. આપ અમારી દેવોની મદદ કરો. ઓમ્કારે બે પળ વિચાર કર્યો અને ઇન્દ્રને કહ્યુ, હું તમને મદદ કરવા તૈયાર છું પણ એ સાથે એક વરદાનની પણ અપેક્ષા છે. ઇન્દ્રએ કહ્યુ, આપ જે માંગશો તે અમે પૈદાન કરીશું. ઓમ્કારે ઇન્દ્ર પાસે માંગ્યુ -'ન મામનીર યિત્વા બ્રાહ્મણા બ્રહ્મ વદે યુઃ યદ્દવિદેયુઃ અબ્રહ્મ તત્ત સ્યાદિતિ ।' પહેલા મારૂ ઉચ્ચારણ કર્યા વિના બ્રાહ્મણો વેદપાઠ ન કરે. વેદ ઋચાઓનું ગાન કરતી વખતે પહેલા મારૂ શબ્દ સ્વરૂપ 'ઓમ્' નું ઉચ્ચારણ કરે. જો કોઇ બ્રહ્મોપાસક મારૂ નામ ઉચ્ચારણ કર્યા વિના એટલે કે 'ઓમ્' બોલ્યા વિના વેદ પાઠ કરે એને તમારા દેવો થકી સ્વીકૃત ન કરાય. એને એની સિધ્ધિ કે પઠનનું ફળ ન મળે.

અસુરો સામે ઓમ્કારની મદદ વિના જીતવું શકય નહોતુ. એટલે દેવાએ ઇન્દ્રને એ વરદાન આપી દીધુ. ઓમ્કારની આગેવાનીમાં ઓમ્કારનું સામુહિક ઉચ્ચારણ કરી દેવોએ અસુરો પર હૂમલો કર્યો અને એમનામાં સંચારિત થયેલા અમોઘ બળથી અસુરોને પરાજિત કરી સ્વર્ગલોકથી ભગાડી દીધા. ત્યારથી વેદપાઠ મંત્ર ઉચ્ચારણના આરંભમાં 'ઓમ્'નું ઉચ્ચારણ પ્રચલિત થયું. ઓમ્ના ઉચ્ચારણથી શરૂ થતા મંત્રો અપાર શકિત આપનારા બન્યા. માત્ર ઓમ્ના યથાર્થ ઉચ્ચારણથી જ મનુષ્યને અગણિત લાભ થાય છે. એની સમસ્યાઓ દૂર થાય છે અને અનેકવિધ રોગોનું પણ નિવારણ થાય છે.

ઓમ્ ધ્વનિ પર અનેક વૈજ્ઞાનિક સંશોધનો થયા છે. આ સંશોધનો દર્શાવે છે કે જયારે 'ઓમ્'નો ઉચ્ચારણ કરવામાં આવે છે ત્યારે ૪૩૨ Hzની ફ્રિકવન્સી ઉત્પન્ન થાય છે. જે કુદરતની દરેક વસ્તુની વાઇબ્રેશન ફ્રિકવન્સી છે. ઓમ્કારનું ઉચ્ચારણ વ્યકિતને એની ચેતનામાં સ્થિર અને સંતુલિત કરે છે. ઓમ્ ધ્વનિનો શરીર અને મસ્તિક પર શો પ્રભાવ પડે છે તે માટે એક પ્રયોગ કરવામાં આવ્યો. જેમણે જીવનમાં પૂર્વે કદી ઓમ્નું ઉચ્ચારણ કર્યું ન હતુ એવા લોકોના એક નાના સમૂહને પહેલા થોડી મિનિટ સુધી ઓમ્નો ધ્વનિ સંભળાવ્યો હતો. અને એમના મસ્તિક તરંગોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આરંભમાં તે અનિયમિત પ્રકારના હતા. જે મસ્તિકની અસ્થિરતા અને અસંતુલન દર્શાવતા હતા. તે પછી થોડા દિવસ સુધી સળંગ ઓમ્ ધ્વનિનું શ્રવણ કરવામાં આવ્યુ. તે પછી ચમત્કારિક પરિવર્તન જોવા મળ્યુ. એ વખતે એમના મસ્તિકના તરંગ નિયમિત અને સંતુલિત પ્રકારના બની ગયા હતા. જે મનની એકાગ્રતા અને સ્થિરતાનું સૂચન કરતા હતા. ૨૦૧૦માં બોસ્ટન કનેટિકટની એક સંશોધક મહિલાએ રીસર્ચ કર્યુ હતુ. એના પર સંશોધન કરતા તેના ધ્યાનમાં આવ્યુ હતુ કે ઓમ્ ધ્વનિના ઉચ્ચારણથી જે ફ્રિકવન્સી ઉત્પન્ન થાય છે તે પૃથ્વી એની ધરી પર ફરે છે ત્યારે જે ધ્વનિ ઉદ્દભવે છે એની ફ્રિકવન્સી સાથે બિલકુલ બંધ બેસતી આવે છે. અમેરિકન અવકાશ સંસ્થા નાસાએ પણ સૂર્યમાંથી નીકળતા ધ્વનિને રેકર્ડ કરવાનો પ્રયોગ કર્યો હતો. સામાન્ય રીતે મનુષ્યના કાન ૨૦ થી ૨૦,૦૦૦ Hzની વચ્ચેના ધ્વનિને જ સાંભળી શકે છે. પણ ખાસ પ્રકારના મંત્રોથી એ અવાજને સાંભળવામાં આવ્યો હતો તો તેમાંથી 'ઓમ્' ધ્વનિ સંભળાતો હતો.

ધ્વનિ ચિકિત્સાના ક્ષેત્રે 'ઓમ્'નો ધ્વનિ રોગીઓને સંભળાવવામાં આવ્યો ત્યારે પણ ચમત્કારિક પરિણામો જોવા મળ્યા હતા. ઓમ્નો ધ્વનિ હૃદયરોગ, ફેફસાના રોગો, થાઇરોઇડ, અંતઃસ્ત્રાવી ગ્રંથીઓના કારણે ઉદ્દભવતા હોરમોનલ અસંતુલનથી જન્મતા રોગો, ડાયાબિટિઝ, બ્લડ પ્રેશર, કેન્સર, તણાવ, ડિપ્રેશન અને સ્કિઝોફ્રેનિયા જેવા રોગોને દૂર કરવા ઉપયોગી બને છે.

## સાચી શિખામણ

**સંકલનઃ ડૉ. મગનભાઇ પટેલ**

ભારત સેવક ગોખલેજીના ગુરૂ ન્યાયમૂર્તિ મહાદેવ રાનકેના જીવનમાં એક પ્રેરણાદાયી પ્રસંગ બનેલો.

એ વળા ન્યાયમૂર્તિ રાનકે પૂનાની સેશન્સ કોર્ટમાં ન્યાયાધીશ હતા. તેમની કોર્ટમાં એક કેસ આવ્યો-વાદીના વકીલ તરીકે યુવાન વકીલ વાકનીસ સભામાં હતા. વાકનીસ જોકે ઉગતા વકીલ હતા. છતાં ન્યાયમૂર્તિ રાનકેના મન પર તેમના વિશે સારી છાપ હતી. વાકનીસ પણ રાનકે માટે સારો આદરભાવ ધરાવતા. આ કેસમાં વાકનીસ પોતાની દલીલો ચલાવી રહ્યા હતા ત્યારે ન્યાયમૂર્તિ રાનકે બોલી ઉઠયા. 'મિ. વાકનીસ, તમારી દલીલમાં મને કાંઇ વજૂદ લાગતુ નથી.' વાકનીસને લાગ્યુ, ન્યાયમૂર્તિને મારા અસીલનો કેસ ઠસાવવા દલીલો કરી રહ્યો છું, જયારે ન્યાયમૂર્તિ

પોતે ઉઠીને કહે છે કે, દલીલમાં કાંઇ વજૂદ નથી, તો પછી મારે આગળ દલીલો કરવાનો શો અર્થ? મારે જવુ જોઈએ. ન્યાયાધીશના કહેવાનો એ જ આશય હશે.

પોતાના આદરણીય એવા ન્યાયમૂર્તિના આવા કથનથી તેઓ આગળ દલીલ ન કરતાં બેસી ગયા. એ જ દિવસે રીસેસમાં રાનકેએ વાકનીસને પોતાની ચેમ્બરમાં બોલાવી શિખામણ આપતા પ્રેમથી કહ્યું, 'વાકનીસભાઇ, મેં તમને વચમાં ટકોર કરી એટલે તમે તમારી દલીલો કેમ બંધ કરી? વચમાં કેમ બેસી ગયા? તમારે આવુ ન કરવુ જોઇએ. મારો આશય પણ એવો નહોતો. બીજુ તો ઠીક, કોર્ટમાં તમારો અવાજ બેઠેલો હતો. કોઇ દિવસ પોતાના અસીલના દેખતા આમ બેસી ન જવાય. ઉગતા વકીલ માટે આ ખૂબ ખતરનાક કહેવાય. તમારા અસીલને તમારા વિશે કેવી ખોટી છાપ પડે! તેને થાય, તમારી કામગીરી વિશે આપદા સેવતા થશે.' ન્યાયમૂર્તિ રાનકેએ સહાયતાથી હિતની વાત કરી. તે વાકનીસને એકદમ ઉતરી ગઇ. તે એક મોટા વકીલ હોવા છતાં સાચુ માર્ગદર્શન પણ આપતા.

## સચોટ ઉત્તર

અંગ્રેજોનું શાસન હતુ. આપણા દેશના એક તેજસ્વી પત્રકાર સી. વાય. ચિંતામણિ યૂ. પી.ની કાઉન્સીલના સભ્ય હતા. કાઉન્સીલની બેઠક ચાલતી હતી. એક અંગ્રેજ ઓફીસર હતા. કોઇ એક વિષયમાં ગોરા અર્થમંત્રીએ સભ્યો સમક્ષ આંકડા રજૂ કર્યા, પછી સભ્યોની સંમતિ માંગી.

સી. વાય. ચિંતામણિ નીડર વ્યક્તિ હતા. કોઇપણ વસ્તુ પૂરેપૂરી સમજયા સિવાય તે આગળ પગલુ ભરતા નહોતા. તેમણે કહ્યુ. મંત્રી મહોદય, આપના આંકડા સ્પષ્ટ નથી. એટલે એ મને સમજાતા નથી. એક દેશી સભ્ય આ રીતે ગોરા અર્થમંત્રીનો જવાબ માંગે! પેલો ગોરો અર્થમંત્રી રોફથી બોલી ઉઠયો, મિ. ચિંતામણિ, તમને હું આંકડા આપી શકુ છુ, પરંતુ એ સમજવાની બુદ્ધિ નથી આપી શકતો.'

ચિંતામણિ પણ ગાંજયા જાય તેવા નહોતા. ઠંડે કલેજે બોલ્યા, 'મહાદેવ, આપની વાત સાચી છે. જે વસ્તુ આપની પાસે હોય જ નહિં તે કયાંથી આપી શકો?'

## રૂપ ગર્વિતા

ઈંગલેન્ડની મહારાણી ઇલિઝાબેથ પહેલીનો રૂઆબ ભારે હતો. તે રૂપાળી નહોતી પરંતુ તેને કોઇ રૂપસુંદરી કહે એ માટે તે ભારે ઠઠારો રાખતી. એટલુ જ નહિં, પણ પોતાના નિકટના દરબારીઓને તે પૂછતી પણ ખરી, 'બોલો, મારુ રૂપ કેવુ? હું કેવી દેખાઉ છું?' એક યા બીજી રીતે દરબારીઓ રાણીના આશ્રિત હતા, એટલે મન-કમન તેમને મહારાણીના રૂપના વખાણ કરવા જ પડતા.

પરંતુ દરબારીઓમાં એક દરબારી વિભાગના દરબારી રેલેની વિચક્ષણતાની ઘણી વાતો રાણીને કાને આવી હતી. એટલે પોતાના રૂપ વિશે રાણી રેલેને વાત કરતાં અચકાતી. પરંતુ માનવીને મહદઅંશે ખુશામત ખૂબ ગમે છે એટલે રાણી એક વખત રેલેને પણ પૂછી બેઠી, 'રેલે સાહેબ બોલો, હું કેવી દેખાઉ છુ?' રેલે પહેલા તો વિચારમાં પડી ગયો. તેણે તરત કંઇ ચોક્કસ જવાબ ન આપ્યો. પછી કહ્યું, 'મહારાણી સાહેબ, એ વિશે આપ નામદારને હું કંઇક કહુ એ કરતા તમને એક સરસ વસ્તુ લાવી દઇશ. એ વસ્તુ જ આપ નામદારને આપના સવાલનો સુયોગ્ય જવાબ આપશે.'

એ વાતને પણ ઠીકઠીક દિવસો વિત્યા. આ બાજુ રૂપ વિશેના રેલેના અભિપ્રાય માટે રાણી અધિરી બની ગઇ હતી. તેણે કહ્યુ, 'રેલે સાહેબ, પેલી વસ્તુ તમે હજુ મને આપી નથી, હો!' રેલેએ એ વિશે વિચારી તો રાખ્યુ હતુ એટલે તેણે કહ્યુ, રાણી સરકાર, એ મારા ખ્યાલમાં છે. આવતી કાલે આપ નામદારને એ અવશ્ય મળી જશે. વચન અનુસાર, બીજા દિવસે રેલેએ રાણીને એક ફેન્સી પેટી આપતા કહ્યુ, રાણી સરકાર આ પેટીમાં મેં એક વસ્તુ મુકેલી છે તે આપ નામદારના સવાલનો સચોટ અને સુયોગ્ય જવાબ આપી શકશે. રાણીએ પેટી ખોલી, અંદરથી એક સુંદર, સ્વચ્છ, નાનકડો અરીસો નીકળ્યો.

આ રીતે રેલેની કુસાગ્ર બુદ્ધિથી આ અરીસામાં રાણી સરકારે પોતાની મુખ મુદ્રા નિહાળી હશે અને તેનું કદરૂપુ મુખ જોઇને દુઃખી થઇ હશે. માટે આ દૃષ્ટાંત પરથી એ સમજવુ જોઇએ કે કોઇએ મનમાં રૂપનું કે કોઇપણ જાતનું અહં રાખવુ નહિં. વ્યકિતના કર્મો મુજબ પ્રભુએ જે કાંઇ આપ્યુ હોય તેનો સહર્ષ સ્વીકાર કરી આનંદથી રહેવુ જોઇએ.

**મહારાષ્ટ્રના સંત એકનાથજી**

મહારાષ્ટ્ર સંતોની ભૂમિ ગણાય છે. ત્યાંના નિવાસી એકનાથજી મહાન સંત હતા. તેમની પાસે ઘણા લોકો સલાહ સૂચનો લેવા આવતા. એક વખત તેમની પાસે એક બાઇ તેમના દીકરાને લઇને આવી અને સંતને કહેવા લાગી કે મારો દીકરો ગોળ બહુ ખાય છે. એકનાથજીએ કહ્યું બે દિવસ પછી બાળકને લઇને આવજો. બાઇ બે દિવસ પછી દીકરાને લઇને સંત પાસે આવી. ત્યારે સંતે બાળકને ગોળ ન ખાવા સમજાવ્યો. ત્યારથી બાળકે ગોળ ખાવાનો છોડી દીધો.

બાઇને વિચાર આવ્યો કે આટલુ જ કહેવુ હતુ તો બે દિવસ પહેલા કેમ ન કહ્યું? એકનાથે કહ્યુ, બેન પહેલી વખત તમે આવ્યા ત્યારે હું પણ ગોળ ખાતો હતો. એટલે બાળકને કઇ રીતે કહી શકુ કે ગોળ ના ખાઇશ. મેં ગોળ ખાવાનો છોડી દીધો. બંધ કર્યો એટલે બાળકને ગોળ ન ખવાય એમ મારાથી કહી શકાય. અને તો જ બાળક મારી શિખામણ માની શકે. માટે મેં બે દિવસ પછી આવવાનું કહ્યું. આપણે શિખામણ આપવા યોગ્ય બનવુ પડે ને? સંત એકનાથજીનો કેવો પ્રત્યુત્તર.

**સંતો કેવા હોવા જોઇએ**

સંતોને કથા, કીર્તન કે વાજુ વગાડતા આવડતુ હોય, ધ્યાન, સમાધિ વગેરે સત્સંગના ગુણો તેમનામાં હોય અને સંત ગમે તેવી મોટપ આવે તથા મોટા મોટા રાજાઓ અને પ્રજા ચરણમાં આવી નમે, છતાં સંત હરિભકતોનો કિંકટ થઇને રહે એવા સંત હરિભકતો માટે સુમતિમાન છે. તેને ઉંચા ચઢાવી ભગવાન પટકે છે, પણ તેને તેની ગમ પડતી નથી. સત્સંગ કરતા કોઇને કુમતિ આવી જાય છે ત્યારે તે સત્સંગનો દ્રોહ કરે છે. યુકિતથી પણ તે જાણ્યામાં આવ્યા વિના રહેતુ નથી.

**'દરિદ્રિનું દાન લેતો નથી' - મહાત્મા ઇબ્રાહીમ**

આ મહાત્મા ઇબ્રાહીમ એક વખત કુટિરમાં બેસીને શાસ્ત્રનું પરિશીલન કરતા હતા. એવામાં એક વ્યક્તિ તેમની પાસે આવીને ઉભો રહ્યો. તેણે પ્રણામ કર્યા. ઇબ્રાહીમે તેને આદરપૂર્વક પોતાની સામે બેસાડયો. અને પૂછયુ, 'ભાઇ, આ કોથળીમાં શું છે?' 'અરે, એમાં પૂરી એક હજાર સોનામહોરો છે. આપ એનો સ્વીકાર કરો.' સંત ઇબ્રાહીમ જરા વિચારમાં પડયા. થોડીવાર વિચાર કરીને તેમણે કહ્યું, 'ભાઇ, તમે પ્રેમથી સોનામહોરો મને આપતા હશો પણ મારાથી તમારી સોનામહોરોનો સ્વીકાર થઇ શકે નહિં.'

પેલી વ્યક્તિએ આશ્ચર્ય પામી પૂછયુ, 'કેમ, મારી આ સોનામહોરોનો આપ અસ્વીકાર કરો છો? કોઇ કારણ?' સંત ઇબ્રાહીમ બોલ્યા, 'કારણ એ છે કે દરિદ્ર માણસ પાસેથી હું દાન લેતો નથી. મારો નિયમ છે કે ગરીબ પાસેથી દાન-ભેટ કદી લેવા નહિં.' 'અરે, હું ગરીબ નથી. હું તો મોટો શ્રીમંત છું.' 'તમે શ્રીમંત હશો તેની ના નહિં! પણ તમને શું એ ઇચ્છા નથી થતી કે તમારી દોલતમાં હજુ વધારો થાય તો ઠીક?' 'હા, એવી ઇચ્છા તો જરૂર થાય છે મને.' 'એટલે જ તમે મોટા ગરીબ છો. જેની તૃષ્ણા મરી નથી એ સદાયનો ગરીબ, બલ્કે ભિખારી જ કહેવાય.'

મહાત્મા ઇબ્રાહીમની કેવી ઉમદા વિચારધારા. આજના ત્યાગીઓએ વિચારવા જેવા આ વિચારો છે.

**ઝેન ગેત્સુ સંતના મહાન વિચારો**

ઝેન ગેત્સુ સંતે પોતાના શિષ્યો માટે નીચે પ્રમાણે શિખામણ આપી હતી.

એકાંત અંધારા ઓરડામાં પણ, સામે કોઇ માનવ મહેમાન હોય એ રીતે વર્તન કરો.

માણસ બહારથી ભોટ દેખાતો હોય છતાં એવો ન હોય. ઘણી વાર બહારના અંચળા નીચે પોતાનું હાર્દ તેણે છુપાવી રાખ્યુ હોય એવું પણ બને. (Don't judge a book by its cover) એટલે કોઇનું મૂલ્યાંકન બાહ્ય દેખાવ પરથી કરશો નહિં.

સદ્‌ગુણો શિસ્તનો પરિપાક છે. એ કોઇ વરસાદ જેમ આકાશમાંથી કોઇ ઉપર વરસાવતા નથી. સદ્‌ગુણોનો પાયો છે. તમે તમારી જાતની જાહેરાત કરો તે કરતા તમારા પડોશીઓને તથા અન્યને છો તે શોધી કાઢવા દો.

ઉમદા પુરુષો કયાંય ઘૂસવાનો પ્રયત્ન કરતા નથી. ઓછુ બોલે છે અને તેમના શબ્દો બહુ જ કીમતી હોય છે.

ઉદ્યમી શિષ્ય (વ્યકિત) માટે દરેક દિવસ ભાગ્યશાળી જ હોય છે. તેને કયારેય વીતી ગયેલા સમય માટે પસ્તાવો કરવો પડતો નથી. કીર્તિ કે અપકીર્તિ તેને સહેજે સ્પર્શી શકતી નથી.

તમારી ગરીબી તમારો મોંઘો ખજાનો છે. સુખ સગવડોના બદલામાં તેને વેચશો નહિં.

# *Youth Corner*

## 5 Facts You May Not Know About 'OM / AUM'.

You may have chanted OM, hundreds, maybe thousands of times, and the symbol is, well, everywhere. But have you ever wondered, what it is about OM, that makes yogi's wholeheartedly chant its glory and live in its symbolic presence?

Here are 5 facts you may not know, to help deepen your knowledge and connect your heart to this ancient sacred syllable.

**1. The sound of OM encompasses all words, all sounds in human language**

OM is a matrix of all sounds, when in its diversified form gives rise to all words used in language.

Linguistically, all audible sounds are produced in the space within the mouth beginning at the root of the tongue and ending at the lips. The throat sound is A, and M is the lip sound; and the sound U represents the rolling forward of speech articulation which starts at the root of the tongue, continuing until it ends in the lips.

To pronounce OM correctly, remember, the sound vibration is pronounced “oom” as in home.

**2. AUM and OM**

In Sanskrit, the sound “O” is a diphthong spelled “AU”. A diphthong is the blending of two vowel sounds where both are normally heard and make a gliding sound. As a result, the difference between OM and AUM is simply one of transliteration.

**3. AUM represents the 3 Fold Division of Time**

A – is the waking state

U – is the dream state
M – is the state of deep sleep

At the end of AUM is a pause, a silence. This represents the state known as Turiya, or Infinite Consciousness.

**4. The visual symbol represents the meaning of AUM**

The symbol OM visually consists of three curves, one semicircle, and a dot.

The large bottom curve symbolizes the waking state, A.
The middle curve signifies the dream state, U.
The upper curve denotes the state of deep sleep, M.
The dot signifies the fourth state of consciousness, Turiya.

The semi circle at the top represents Maya and separates the dot from the other three curves. It signals to us that it is the illusion of Maya that is an obstacle to realization of the Highest.

**5. OM is associated with Ganesha**

The physical form of Lord Ganesha is said to be that of OM. The upper curve, of OM, is identified with the head or the face of Ganesh. The Lower curve his belly. The twisted curve, on the right side of OM is the trunk.

OM Shanti Shanti Shanti

## જલારામ કૃપા

૧. મારી પુત્રવધુને અચાનક આંખોમાં ક્ષણભર માટે કશુ જ દેખાતુ ન હતુ. મેં પૂ. જલાબાપાનો અને પૂ. સાંઇબાબાને અંતરથી પ્રાર્થના કરી. પૂ. બાપાનો પરચો જલારામ દર્પણમાં છપાવવાનો માન્યો. થોડીક જ વારમાં તેને બધુ જ સરસ રીતે દેખાવાનું ચાલુ થઇ ગયું પૂ. બાપાની કૃપા અપંરપાર છે. પૂ. બાપાને અને પૂ. સાંઇબાબાને મારા કોટી કાટી વંદન.

૨. મને જલાબાપા પર પૂરી શ્રધ્ધા છે. બાપાએ મારા ઘણા કામ પાર પાડયા છે. મારી ભાભીની કીડનીમાં બગાડો થયો હતો. મેં બાપાને યાદ કરી કહ્યું કે જો કીડની પાછી કામ કરતી થઇ જાય તો મારે પરચો છપાવવો. બાપાએ મારી અરજી સાંભળી અને મારી ભાભીની કીડની સંપૂર્ણ રીતે સારી થઇ ગઇ. બાપાને લાખ લાખ વંદન.

૩. મારી પુત્રવધુને ગ્રીનકાર્ડનો પ્રોબ્લેમ થયો હતો તેને બાપાની કૃપાથી ગ્રીનકાર્ડ મળી ગયુ છે. બીજુ કે તેને જોબ પણ બાપાની કૃપાથી મળી ગઇ છે. આ સાથે સર્વે ભકતોને વિનંતી કે તમે પૂ. બાપાને પ્રાર્થના કરજો કે તેની ડીલીવરી સારી રીતે થઇ જાય અને બેબીને પણ કોઇપણ જાતની તકલીફ ન પડે. આ ઉપરાંત મારો દીકરો શાંતીથી અહીયા આવી ગયો છે અને મને પાંસળીમાં વાગ્યુ હતુ તો તે બાપાની કૃપાથી મટી ગયુ છે. બાપાએ મને દરેક વખતે મદદ કરી છે અને એવી રીતે તેમના બધાજ ભકતોને મદદ કરે.

૪. મને જલારામબાપા ઉપર ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપા દરેક મુસીબતમાં મને હંમેશા મદદ કરતા રહેલા છે. મારી જોબ ઉપર મારી ટીમ લીડર ખૂબ જ હેરાન કરતી હતી. જુઠુ જુઠુ બોલીને બોસને કહેવા જતી. મેં પૂ. બાપાને અંતરથી પ્રાર્થના કરી કે પૂ. બાપા મને આ તકરારમાંથી છુટકારો મેળવી આપો. પૂ. બાપાની માનતા માની કે બધુ વ્યવસ્થિત થઇ જશે તો તમારે દરબારે દર્શન કરવા આવીશ અને નારીયેળ

વધેરીશ અને પરચો છપાવીશ અને યથાશક્તિ ભેટ ધરાવીશ. પૂ. બાપાએ મારી વિનંતી સાંભળી. મને હવે કોઇ જાતનો વાંધો નથી. પૂ. બાપાનો આ ઉપકાર હંમેશા યાદ રાખીશ. બીજુ કે મારા દીકરાને માસ્ટર કરવા માટે એડમીશન નહોતુ મળતુ. હું ખૂબ જ નિરાશ થઇ ગઇ હતી. પૂ. બાપાને મારા અંતરથી પ્રાર્થના કરી કે પૂ. બાપા મારા દીકરાને એડમીશન મળી જાય એવુ કરો. પૂ.બાપાએ મારી પ્રાર્થના સાંભળી અને તેને એડમીશન મળી ગયુ. પૂ. બાપા મને હંમેશા મદદ કરતા રહેલા છે અને તકલીફો દૂર કરતા રહેલા છે. પૂ. બાપાનો ઉપકાર કોઇ કાળે ભૂલી શકાય નહી.

૫. મારા દીકરાની સોનાની વીટી ખોવાઇ ગઇ હતી. મેં પૂ. જલાબાપાને અને પૂ. સાંઇબાબાને પ્રાર્થના કરી કે મારા દીકરાની વીટી મળી જશે તો જલારામ દર્પણમાં પરચો છપાવીશ. પૂ. બાપા અને પૂ. બાબાની કૃપાથી વીટી મળી ગઇ. પૂ. બાપાની કૃપા અપરંપાર છે.

૬. થોડા સમય પહેલા મારી એક ચેઇન અને ડાયમંડનું પેંડલ ખોવાઇ ગયુ હતુ. રોજ યાદ આવે અને શોધુ પણ તે મળતુ નહિં. તેથી મેં પૂ. બાપાને યાદ કરી પરચો છપાવવાનું નક્કી કર્યુ. આ પછી એક જ અઠવાડીયામાં તે મને મળી ગયુ. આપના ચરણોમાં કોટી કોટી વંદન. આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

૭. જલારામબાપાની અસીમ કૃપાથી અમારા જમાઇના મમ્મી-પપ્પાને જલારામ જયંતિના દિવસે પાંચ વખત પ્રયત્ન કર્યો પછી વીઝા મળી ગયા. બાપાની અસીમ કૃપા સર્વેને મળતી રહે તેવી પ્રાર્થના.

૮. પૂ. જલારામબાપા તથા પૂ. સાંઇબાબાને મારા કોટી કોટી પ્રણામ. મને પૂ. બાપા તથા પૂ. બાબા ઉપર ખૂબ જ શ્રધ્ધા છે. મારા દરેક કામમાં હું તેમને યાદ કરુ છું. આ વખતે પણ અમારો સ્ટોર વેચવા મૂકયો પણ હું ડીસીશન લઇ શકતી નહોતી. પણ બાપાની દયાથી ડીસીશન લઇને સ્ટોર વેચી નાંખ્યો છે. અને હું ચીતા મુકત થઇ ગઇ છું. બાપા તમે તો પરચાના પૂરનાર છો. બાપા તમને સાચા અંતરથી પ્રણામ. મારા દીકરાના જીવનમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ અને તંદુરસ્તી હંમેશા સારી રાખશો. અમારા ઘરના સૌ તમારા આશીર્વાદથી હંમેશા આનંદમય રહે. આ સાથે યથાશક્તિ ભેટ મોકલાવી છે તે સ્વીકારી અને આ પરચો છાપી અમને ઋણમુકત કરશો.

૯. પૂ. શ્રી જલારામબાપા સૌના કાર્ય પૂર્ણ કરે છે. બાપા સૌના કામ પૂર્ણ તેવી પ્રાર્થના. પૂ. બાપાએ અમારી દીકરીની મનોકામના પૂર્ણ કરી છે અને તેને ફૂલ જેવી પુત્રીનો જન્મ થયો છે. અને જે પુત્રીને શ્વાસ લેવામાં તકલીફ હતી તે સંપૂર્ણ પણે મટાડી દીધી અને જીદંગીભર સારૂ રહે એવી જલારામબાપાને પ્રાર્થના કરૂ છુ. અને જે પરચો છપાવવાની માનતા રાખી હતી એ અમો પૂરી કરીએ છીએ અને યથાશક્તિ ભેટ મોકલી છે તે સ્વીકારશો.

૧૦. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. મારા દીકરાના બધા કામ સારી રીતે પાર પડયા છે. બાપાની કૃપાથી મારી પુત્રવધુને ખાંસી પણ મટી ગઇ છે. આ પરચો છાપી મને માનતામાંથી ઋણમુકત કરશો.

૧૧. પૂ. જલારામબાપા હાજરા હજુર છે. એમના પરચા પણ અપરંપાર છે. મારા દીકરાને સ્ટોર લેવા માટે થોડા ડોલરની જરૂર હતી. મેં બાપાને દીલથી પ્રાર્થના કરી કે અમોને ડોલરની વ્યવસ્થા થઇ જશે તો યથાશક્તિ ભેટ મૂકી પરચો છપાવીશુ અને એક નાળિયેર બાપાના ચરણોમાં અર્પણ કરીશ અને પ્રસાદ ધરાવીશ. બાપાની કૃપાથી અમોને ડોલર મળી ગયા અને સ્ટોર પણ લઇ લીધો છે. મારા દીકરાના દીકરાને આંખોની બન્ને બાજુએ સફેદ ડાઘ હતા એ પણ બાપાની માનતાથી દૂર થઇ ગયા છે. મને પગમાં અને પેટમાં દુઃખાવો રહ્યા કરતો હતો તે પણ બાપાની કૃપાથી દૂર થઇ ગયો છે. મને ગુપ્ત ભાગમાં ફોલ્લી થઇ હતી તે મને કેન્સરની બીક હતી. તે પણ બાપાની માનતાથી મટી ગયુ છે. અમારા જમાઇ એક કેસમાં ફસાયા હતા અને એમને દારૂનુ વ્યસન હતુ. આથી મેં બાપાની માનતા રાખી કે કેસ સારી રીતે પતી જાય અને વ્યસન છૂટી જશે તો યથાશક્તિ ભેટ ધરાવીશ અને પરચો છપાવીશ તથા નાળિયેરની સેવા પણ મૂકીશ. બાપાની કૃપાથી બધુ સારૂ રીતે પતી ગયુ છે અને વ્યસન પણ છૂટી ગયુ છે. બાપાએ મારા ઘણા પરચા પૂરા કર્યા છે. અમને બાપા ઉપર ખૂબ જ શ્રધ્ધા છે. અમારી શ્રધ્ધા ડગે નહી એજ પ્રાર્થના. બાપાને મારા કોટી કોટી પ્રણામ. આ પરચો છાપી ઋણમુકત કરશો.

૧૨. જલારામબાપાની અસીમ કૃપાથી મારી ખોવાયેલ કંઠી મળી ગઇ છે. બાપાના ચરણોમાં પ્રણામ.

૧૩. મારો નવો લીધેલ આઇ-ફોન ખોવાઇ ગયો હતો તે મળવાની કોઇપણ આશા નહોતી. પૂ. બાપાને પ્રાર્થના કરવાથી તેમની કૃપાથી ફોન મળી ગયો. આવી રીતે બાપા મારા નાના-મોટા ઘણા કામો કરે છે. આ પરચો છાપી ઋણમુકત કરશો.

૧૪. મારા કાનમાં અવાજ આવતો હતો તો મેં પરચો છપાવવાનું નક્કી કર્યુ ને એક જ વીકમાં તે બાપાની કૃપાથી બંધ થઇ ગયો. હવે સારુ થઇ ગયું છે. એ મારા ઉપર બાપાની કૃપા. એવી જ રીતે મારા પત્નીને તેની જોબ પર ઘણા વર્ષોથી તેના ભણતર પ્રમાણે પ્રમોશન મળતુ ન હતુ. પણ બાપાનો પરચો છપાવવાનુ માન્યુ હતુ તો તે પણ બાપાની કૃપાથી પ્રમોશન મળી ગયુ.

૧૫. અમારા દીકરાનાં લગ્ન સારી રીતે પતી જાય તે માટે જલારામબાપાને પ્રાર્થના કરી હતી તો તે કાર્ય સારી રીતે પૂર્ણ થઇ ગયુ છે, તેમજ મારી તબીયત મહિનાથી સારી ન હતી તે પણ જલારામબાપાની કૃપાથી સારી થઇ ગયુ છે.

૧૬. પૂ. બાપાની શ્રધ્ધા ફળી. મારા શરીરના હાથના ભાગમાં મને પોતાને સફેદ ડાઘા દેખાયા. મને પોતાને એમ થયું કે મને કોઢ થઇ ગયા લાગે છે. મને ખૂબ જ ચિંતા થવા માંડી. મેં પૂ. જલારામબાપા અને પૂ. સાંઇબાબાને પ્રાર્થના કરી કે મને પોતાને હાથના ભાગમાં સારૂ થઇ જાય તો દર્પણમાં પરચો છપાવીશ. બાપાની કૃપાથી હવે મને સારુ થઇ ગયું છે.

૧૭. જલારામબાપાની કૃપાથી અને પ્રાર્થના કરવાથી અમારી બધી મનોકામના પુરી થઇ છે. ઘરના બધા જ સારી રીતે સેટ થઇ ગયા છે. જોબ પણ બધાને મળી ગઇ છે.

૧૮. જય જલારામબાપા, મારા દરેક વિઘ્નો તમે ટાળ્યા છે. મારી દીકરી બિમાર હતી ત્યારે મેં બાપાની માનતા રાખી કે મારી દીકરી સાજી થઇ જશે તો હું વીરપુર બાપાના મંદિરે પગે લગાડીશ. મેં એ બાધા પૂરી કરી અને પછી ફરીથી બિમાર થઇ ત્યારે પણ મેં બાપાની માનતા રાખી અને બધા રીપોર્ટ નોર્મલ આવ્યા અને મારી દીકરીને સરખી જોબ મળતી ન હતી તો બાપાની માનતાથી એને સારી જોબ પણ મળી ગઇ. દરેક વખતે બાપાએ મારી પ્રાર્થના સાંભળી છે એવી રીતે હંમેશા મારી પ્રાર્થના સ્વીકારજો અને મારા પરિવાર ઉપર હંમેશા અમીદ્રષ્ટિ વરસાવજો.

૧૯. પૂ. બાપા અને પૂ. વીરબાઇમાતાની અસીમ કૃપાથી મારા ઘણા કામો પાર પડયા છે. હું જોબ ઉપર પડી ગયો હતો અને ઇન્સ્યોરન્સ કંપનીએ બધુ એપ્રુવ કરી દીધુ માટે મારે એક ડોલર પણ કાઢવો પડયો નહોતો. મારી ટ્રીટમેન્ટ ચાલુ છે અને ડૉકટર પણ સારા મળ્યા છે. બીજુ કે મારા પરિવારમાં એવો વાયરસ થઇ ગયો હતો કે બધા એક પછી એક માંદા પડી ગયા હતા. મેં બાપાનો પરચો છપાવવાની માનતા માની અને પછી બધાને સારુ થઇ ગયુ છે.

૨૦. મારો પોતાનો ધંધો હતો તે વેચાતો નહોતો તેથી મેં વિચાર્યુ કે મારો ધંધો વેચાઇ જશે તો હું જલારામબાપાનો પરચો દર્પણમાં છપાવીશ. પૂ. બાપાની કૃપાથી ધંધો વેચાઇ ગયો છે. આવી રીતે બાપા દરેકના કામ પાર પાડે છે. આ પરચો છાપી ઋણમુકત કરશો.

૨૧. પૂ. જલારામબાપા ઉપર મને બાળપણથી જ ખૂબ શ્રધ્ધા છે. મેં જયારે પણ પૂ. બાપાને યાદ કર્યા છે ત્યારે હંમેશા મારી મદદે આવ્યા છે. અમારા પરિવારમાં બાળકનો જન્મ થવાનો હતો ત્યારે ડૉકટરે કહ્યુ કે બાળકના મગજમાં કાંઇક બિમારી લાગે છે. અને તે જન્મ બાદ ખબર પડે કે શું છે. અને મેં બાપાને યાદ કરીને મેં માનતા માની હતી અને કહ્યું કે બધુ સારુ થઇ જાય અને કંઇ પણ બિમારી બાળકને ન હોય તો પરચો છપાવીશ. પૂ. બાપાની અસીમ કૃપાથી બાળકીનો જન્મ થયો અને હાલ ૩ માસ થયા અને તેની તબિયત એકદમ સરસ છે. કાંઇપણ તકલીફ નથી. આવી આપણા બાપાની કૃપા. આ સાથે યથાશકિત ભેટ મોકલુ છું તે સ્વીકારશો અને આ પરચો છાપી ઋણમુકત કરશો.

૨૨. જલારામબાપા ઉપર અમને અપાર શ્રધ્ધા છે. મારુ કામ પાર પડે તે માટે જલારામબાપા પાસે માનતા માની હતી તે બાપાએ કાયમની જેમ મારુ કામ પાર પાડયુ હતુ. પૂ. જલારામબાપાને કોટી કોટી વંદન. આ સાથે યથાશકિત ભેટ મોકલુ છું તે સ્વીકારશો અને આ પરચો છાપી ઋણમુકત કરશો.

૨૩. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. પૂ. બાપાની અસીમ કૃપા અમારા પરિવાર ઉપર છે. એક વરસ ઉપર ઓચિંતી મારી બ્રેસ્ટ સર્જરી કરાવવી પડી. ખૂબ જ ગભરાટ થતો હતો પરંતુ બાપાને યાદ કર્યા કે બાપા તમારા સીવાય મારુ કોઇ નથી જે મારુ વિઘ્ન દૂર કરે. બાપાએ મારી પોકાર સાંભળી અને મારી સર્જરી સારી રીતે થઇ ગઇ અને તે પછીના બધા રીપોર્ટ પણ નોર્મલ આવ્યા છે.

૨૪. પૂ. જલારામબાપા ઉપર મને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારી દીકરીને મેડીકલ સ્કૂલમાં એડમીશન મળી ગયું પણ સ્કૂલ ચાલુ થઇ ગઇ અને પછી તે કહે મારે મેડીકલનુ ભણવુ નથી. તે પછી મેં બાપાનો પરચો છપાવવાની માનતા રાખી અને બાપાએ સૌ સારા વાના કર્યા અને તે હવે ડૉકટર બની ગઇ. બાપાને કોટી કોટી પ્રણામ.

૨૫. પૂ. જલારામબાપા તમારી જય હો. બાપા તમારી કૃપા અપરંપાર છે. તમે દુઃખીયાના બેલી અને લાખો જીવોના તારણહાર છો. તમારી ઉપરની શ્રધ્ધાથી મારા તેમજ મારી દીકરીના બધા જ કામ પાર પડે છે તેમ સર્વેની મનોકામના પૂર્ણ કરો તેવી પ્રાર્થના.

૨૬. મને ખૂબ જ ખાંસી થઇ હતી અને બે મહીના સુધી ન મટતાં ચીંતામાં પડી ગઇ. જલારામબાપાને યાદ કરી માનતા માની કે જો મારી ખાંસી મટી જશે તો આ પરચો છપાવીશ. બાપાની દયાથી હવે ખૂબ જ સારુ છે. બાપા જેવી મારી સહાયતા કરી તેવી સૌની કરશો.

૨૭. પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. પૂ. જલારામબાપા ઉપર મને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારા દીકરાના લગ્ન સારી રીતે પતી જાય તે માટે પરચો માન્યો હતો તેમજ મારી દીકરી હોસ્પીટલમાં હતી અને તેના રીપોર્ટ નોર્મલ આવે તે માટે પણ માનતા રાખી હતી. તો બન્ને કામ સારી રીતે થઇ ગયા છે.

૨૮. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારુ માનેલ કાર્ય સફળ થયુ છે. તો બાપાના ચરણોમાં લાખો વંદન. મારી જુની કારનો પ્રોબ્લેમ હતો તે બાપાની દયાથી સરળ થયો અને તેના બદલે નવી કાર પણ આવી ગઇ છે.

૨૯. પૂ. જલારામબાપા તથા સાંઇબાબાને કોટી કોટી પ્રણામ. મને બાપા તથા સાંઇબાબા પર ખૂબ જ શ્રધ્ધા છે. મારા દરેક કામમાં હું બાપાને અને બાબાને યાદ કરું છુ. મેં મારી દીકરી માટે માનતા માની હતી અને બધુ કામ સારી રીતે પતી ગયુ છે તો આ પરચો છાપી મને ઋણમુક્ત કરશો. અમારા દરેક કાર્યમાં સહકાર આપશો અને પરિવારને સદાયને માટે તમારી છત્રછાયામાં રાખશો.

***નોંધઃ ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભક્તો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.***

બાપાને હું દરરોજ યાદ કરૂ છું. મેં જે કામ માટે બાધા રાખી છે તે કામ પતી ગયુ છે એટલે આ પરચો છાપી મને ઋણમુકત કરશો. બાપાના જય જલારામ ચરણોમાં પ્રણામ.

આર. ડી. પટેલના - લંડન

બાપાની અસીમ કૃપા અમારા પરિવાર ઉપર વરસે છે. બાપાએ અત્યાર સુધી ઘણા જ ચમત્કાર અમને બતાવ્યા છે. અનેક મુસીબતોમાંથી બચવાનો માર્ગ બતાવ્યો છે. જલારામબાપા, આજ રીતે તમારા આશીષ વરસાવતા રહેજો અને અમને સાચો અને સારો માર્ગ બતાવતા રહેજો. અમારૂ જીવન તંદુરસ્ત રહે અને ધર્મમય બનીને અમે તમારી ભક્તિ કરતા રહીએ એવી જ અભ્યર્થના. આ સાથે યથાશક્તિ ભેટ મોકલાવી છે તે સ્વીકારી અને આ પરચો છાપી અમને ઋણમુકત કરશો.

સી. ડી. સુધા પરિવારના જય જલારામ

પૂ. જલારામબાપાની અસીમ કૃપા અને મંગલ આશિષથી મારી પત્નીને કેન્સર જેવી બીમારી મટી ગઇ છે. અમેરીકામાં તો ડૉકટર બોલે અને ઓર્ડર કરે તેમ બધા જ ટેસ્ટ અને સારવાર કરાવી હતી. એમાં એક મેડીકલેઇમ ૧૭ હજાર ડૉલરનો ઇન્સ્યોરન્સ કંપનીએ નામંજુર કર્યો હતો.

બાપાનો પરચો માન્યો કે અપીલમાં આ કલેઇમ પાસ થઇ જાય તો પરચો છપાવીશ. બાપાની કૃપાથી આ કામ પણ પાર પડયુ અને અઠવાડીયા પહેલા કલેઇમ પાસ થઇ ગયો. આ પરચો છાપી અમને ૠણમુકત કરશો.

કિરીટ પટેલના જય જલારામ

મારી બેનને વીઝીટર વીઝા મળતા ન હતા. બાપાનો પરચો છપાવવાની બાધા રાખી તો મારી બેનને વીઝા મળી ગયા.

જશોદાબેન રામસિંહ રાઠોડના જય જલારામ

મારા કાનમાં અચાનક સંભળાતુ બંધ થઇ ગયુ હતુ. પછી મેં જલારામબાપાનો પરચો છપાવવાની બાધા લીધી. બાધા લીધી પછી પરમ કૃપાળુ જલારામબાપાની કૃપાથી હવે સારુ છે. જેમ મારી માનતા ફળી તેમ સર્વેની ફળે તેવી પ્રાર્થના.

ભગવતીબેનના જય જલારામ

પૂ. જલારામબાપાના પરચા અપરંપાર છે. પૂ. બાપાની અસીમ કૃપાથી મારી દીકરીના લગ્ન કોઇપણ વિઘ્ન વિના બાપાએ પાર પાડયા. બાપાના લાખ લાખ આભાર. મારા ભાઇ માટે ઘણા સમયથી ઘર શોધી રહ્યા હતા. અને બાપાએ અચાનક સારી જગ્યાએ અને જોઇતુ હતુ તેવુ ઘર મેળવી આપ્યુ. મારો પુત્ર પણ બાપાની કૃપાથી ગ્રેજયુએટ થઇ ગયો છે. પૂ. બાપાને અમારા પરિવારના અંતરથી પ્રણામ.

રાજેન્દ્રભાઇ ભરૂચાના જય જલારામ

મારી મોટી દીકરી, જાગૃતિને ઘણા વર્ષોથી કરોડરજજુમાં દુઃખાવો રહેતો હતો. ઘણા ડૉકટરોને બતાવ્યુ. કેટલાય એમ. આર. આઇ, એકસ-રે, સી. ટી. સ્કેન કરાવ્યા. પણ દિવસે દિવસે દુઃખાવો અસહ્ય બનતો જતો હતો. અંતે મેં ખૂબ શ્રધ્ધાથી પૂ. બાપાને કાલાવાલા કર્યા. મંદિરના પૂજારીશ્રીની સલાહ મુજબ માનતા માની અને અમારી દીકરીની સર્જરી ન્યુયોર્કની એક જાણીતી હોસ્પીટલમાં કરાવી. ડૉકટરોએ જાગૃતિની કરોડરજજુના ખામીવાળા ભાગોમાં સુધારા કરી તેનો દુઃખાવો મટે એવી સર્જરી કરી. ત્યારપછી એક મહિનાથી અમારી દીકરીની તબિયત સુધારા ઉપર છે અને નોર્મલ થતાં થોડા મહિના લાગશે.

પૂ. બાપાએ મારી પ્રાર્થના સાંભળી એક મોટી ઉપાધિમાંથી ઉગાર્યા. પૂ. બાપાને લાખ લાખ પ્રણામ. પૂ. બાપાની કૃપા સૌના ઉપર સદા વરસતી રહે એવી નમ્ર પ્રાર્થના. આ પરચો છાપી અને મોકલાવેલ યથાશક્તિ ભેટ સ્વીકારી અમને ૠણમુકત કરશો.

ઇન્દીરાબેન અરવિંદભાઇના જય જલારામ

પૂ. બાપાની અસીમ કૃપાથી મારા પતિના બધા બ્લડ ટેસ્ટ નોર્મલ આવ્યા છે. મારા મનને અને દિલને બાપાના અશીર્વાદથી ઘણી જ રાહત થઇ છે. બાપાના આશીર્વાદ અને કૃપાથી જ મારા દીકરાને પણ સારો પ્રોજેકટ મળી ગયો છે. આ પરચો છાપી મને ૠણમુકત કરશો.

શીલ્પાબેનના જય જલારામ

પૂ. શ્રી જલારામબાપાની કૃપાથી મેં મારા દીકરા માટે માનતા માની હતી કે એમ. ડી. બની જશે તો બાપાનો પરચો છપાવીશ. અને મંદિર દર્શન કરવા આવીશ. પૂ. બાપાની અસીમ કૃપા મારા ઉપર થઇ. પૂ. બાપાનો ખૂબ ખૂબ આભાર.

ગીતાબેન શાહના જય જલારામ

# જલારામ દર્પણ ભેટ યોજના

*આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.*

- દિલીપભાઇ / વિલાસબેન પટેલ ડો.૭૦૩.૦૦
- પુર્ણીમાબેન માલી ડો. ૨૦૧.૦૦
- મનહરભાઇ / મધુબેન મોદી ડો. ૧૫૩.૦૦
- ચંદ્રકાંત / ઇન્દીરાબેન શાહ ડો. ૧૫૨.૦૦
- રમેશચંદ્ર / ભારતીબેન શાહ ડો. ૧૦૨.૦૦
- સુરેશચંદ્ર / રમીલાબેન ગાંધી ડો. ૧૦૧.૦૦
- ભીખુભાઇ / ભારતીબેન મોદી ડો. ૧૦૧.૦૦
- અરવિંદભાઇ / ઉષાબેન ઠક્કર ડો. ૫૧.૦૦
- હેમીશભાઇ કાપડીયા ડો. ૫૧.૦૦
- જશોદાબા રાઠોડ ડો. ૫૧.૦૦
- રાજભાઇ શાહ ડો. ૫૧.૦૦
- કીરીટકુમાર / હેમલતાબેન પટેલ ડો. ૫૧.૦૦
- કુસુમબેન / રમેશચંદ્ર ગાંધી ડો. ૫૧.૦૦
- મુમુ / રાબર્ટ ચટવાણી ડો. ૫૧.૦૦
- નરેશભાઇ / ભાવનાબેન / જય ઠક્કર ડો. ૫૧.૦૦
- ઠાકોરદાસ / તારાબેન પારડીવાલા ડો. ૫૧.૦૦

- કાશ્મીરાબેન ગાંધી ડો. ૨૫.૦૦
- અરવિંદભાઇ / ઇન્દીરાબેન ઠક્કર ડો. ૨૫.૦૦
- માલિનીબેન પટેલ ડો. ૨૫.૦૦
- નીલેશભાઇ / રીનલબેન ઘીવાલા ડો. ૨૫.૦૦
- રાજભાઇ / હીનાબેન ભરૂચા ડો. ૨૫.૦૦
- સાઉથલેન્ડ મોટર લોજ કોર્પોરેશન ડો. ૨૫.૦૦
- વિકાસભાઇ / ઇન્દીરાબેન ગાંધી ડો. ૨૫.૦૦
- નૃપેન્દ્રભાઇ / દેવયાનીબેન શાહ ડો. ૨૧.૦૦
- પરેશભાઇ / નીલાબેન બોડીવાલા ડો. ૨૧.૦૦
- ગીરીશભાઇ શાહ ડો. ૨૦.૦૦
- અશોકભાઇ / ભગવતીબેન પટેલ ડો. ૧૧.૦૦
- જશભાઇ પટેલ ડો. ૧૧.૦૦
- જ્યોત્સનાબેન ઠક્કર ડો. ૧૦.૦૦
- ચંદ્રકાંત / સર્મીષ્ઠાબેન પટેલ ડો. ૫.૦૦
- રામ ભરોસે ડો.૬૪૬.૦૦

## Going Green – 2017

***Let's all try to save the planet for our future generations. Going forward starting with January 2017 issue, we will not be mailing a physical copy of Jalaram Darpan to everyone in the mail. We will be publishing the Darpan on our website at www.shreejalarammandir.org as well as send it via email to those members who provided it to us. If you want to share your email address, please send it to shreejalarammandirchicago@gmail.com.***

**આપણા પર્યાવરણને અને પૃથ્વીને આપણી ભાવિ પેઢી માટે લાંબા સમય સુધી હરિયાળી રાખવા માટે આપણે સૌ પ્રયાસ કરવો જોઇએ. જાન્યુઆરી ૨૦૧૭ના અંકથી જલારામ દર્પણ રેગ્યુલર મેઇલમાં મોકલવામાં આવશે નહી તેની નોંધ લેવી. દર્પણ ફક્ત મંદિરની વેબસાઇટ ઉપર પ્રકાશિત કરવામાં આવશે અને ઇમેઇલ દ્વારા મોકલવામાં આવશે. જો આપ ઇમેઇલ દ્વારા દર્પણ મેળવવા ઇચ્છતા હો તો આપનું ઇમેઇલ એડ્રેસ નીચેની ઇમેઇલ ઉપર મોકલી આપો.**

*shreejalarammandirchicago@gmail.com*

## વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્ર વિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો અથવા ઇ-મેઇલ દ્વારા જણાવશો જેથી જૂનું સરનામું રદ કરીને નવુ સરનામું નોંધી શકાય અને આગામી ઉત્સવો તેમજ અન્ય સમાચાર પત્રો નવા સરનામે મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ જલારામ દર્પણ મોકલાવીએ છીએ. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ ઓફિસમાં ૮૪૭-૪૯૦-૫૨૫૨ પર સંપર્ક કરી શકો છો.

## જનરલ

દરેક ઉત્સવના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવેલ છે જેમાં આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની સમિતિ યોગ્ય સૂચનોનો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ''ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર સતત ઝળહળે'' તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનુ નક્કી થયેલ હતું. આપની પાસે જો કેન હોય તો તેને અવારનવાર મંદિરે આવતા જતા ઓફિસમાં આપી અને પાછું લઇ જવા નમ્ર વિનંતી છે.

## વીરબાઈમા હોલ

આપના ઘરમાં આવતા કોઇપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઈ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને  ભુપેન્દ્રનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે.